પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રી/શિક્ષણમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.

વિષય: <u>પ્રાથમિક શિક્ષણ વિભાગમાં વિદ્યાસહાયક ભરતીના નિયમોમાં સુધારો કરવા અને પાયાના શિક્ષણને બચાવવા બાબત.</u>

સાદર પ્રણામ,
ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રીનું ધ્યાન ગુજરાતના હજારો શિક્ષિત બેરોજગારો અને પાયાના શિક્ષણની કથળતી સ્થિતિ તરફ દોરવા માંગુ છું. રાજ્યમાં શિક્ષકોની હજારોની સંખ્યામાં ઘટ છે છતાં ભરતી પ્રક્રિયાના અયોગ્ય નિયમોને કારણે લાયક શિક્ષકોની નિમણૂક થઈ શકતી નથી. હાલે રાજ્યમાં શિક્ષકોની અંદાજે 10000 થી વધુ ઘટ છે અને આગામી સમયમાં 63000 જેટલા શિક્ષકોની ભરતી થવાની છે ત્યારે વર્તમાન TET પરીક્ષાના કઠિન નિયમો પાયાના શિક્ષણ માટે અવરોધરૂપ બની રહ્યા છે. ગત પરીક્ષાઓમાં માત્ર 2800 (3%) જેટલા ઉમેદવારો જ પાસ થયા હતા જે સ્પષ્ટ કરે છે કે ઊંચા પાસિંગ ધોરણ (60% અથવા 55%) ને કારણે લાયક શિક્ષકોની અછત સર્જાઈ રહી છે.
અમારી નમ્ર માંગણી છે કે બંધારણીય સમાનતાના સિદ્ધાંત મુજબ તમામ વર્ગના ઉમેદવારો માટે TET માં પાસિંગ ધોરણ 50% (75 ગુણ) નક્કી કરવામાં આવે. જ્યારે નોકરીમાં અનામતની જોગવાઈ અલગથી અમલી છે જ ત્યારે પાસ થવા માટેના ધોરણોમાં તફાવત રાખવો એ બિન-અનામત અને મધ્યમ વર્ગીય પરિવારોના બાળકો સાથે અન્યાય છે. વધુમાં મેરિટ બનાવતી વખતે માત્ર બે કલાકની TET પરીક્ષાના ગુણ ધ્યાને લેવાને બદલે ઉમેદવારના 17 વર્ષના શૈક્ષણિક પરિશ્રમ (ધો.12, PTC, ગ્રેજ્યુએશન) ને પણ ઉચિત ગુણભાર આપવો જોઈએ. માત્ર TET ના આધારે ભરતી કરવાથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ પાયાના અભ્યાસને બદલે માત્ર પરીક્ષાલક્ષી તૈયારીઓ જ કરશે જે લાંબે ગાળે શિક્ષણના સ્તરને નુકસાન પહોંચાડશે. મેરિટ માત્ર TET ના ગુણ પર નહીં પરંતુ હાલની પદ્ધતિ (TET ના 50% + ધો.12 ના 20% + PTC ના 25% + ગ્રેજ્યુએશનના 5%) મુજબ જ બનાવવામાં આવે. માત્ર બે કલાકની ઓબ્જેક્ટિવ કસોટી કોઈની 17 વર્ષની શૈક્ષણિક લાયકાતનું માપદંડ ન હોઈ શકે.
આગામી 14 જાન્યુઆરી 2026ના TET પરીક્ષાનું પરિણામ જાહેર થવાની સંભાવના છે ત્યારે પરિણામ પૂર્વે જ સરકાર આ બાબતે હકારાત્મક અને ન્યાયી નિર્ણય લે તેવી તમામ ઉમેદવારો અને વાલીઓની માંગણી છે. જો સમયસર પાસિંગ ધોરણમાં સુધારો કરવામાં આવશે તો જ ખાલી પડેલી શિક્ષકોની જગ્યાઓ ભરી શકાશે અને ગુજરાતના બાળકોનું પાયાનું પ્રાથમિક શિક્ષણ અધૂરું નહીં રહે. આશા છે કે આપશ્રી આ ગંભીર વિષય પર સંવેદનશીલતાથી વિચાર કરી યોગ્ય પગલાં લેશો.

આદર પૂર્વક,
ગુજરાતના શિક્ષિત ઉમેદવારો વતી,
*Titixa Thacker*
(તિતિક્ષાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)
પ્રમુખ – રતાડીયા જલારામ સખી મંડળ, મુંદરા (કચ્છ)
તારીખ: ૨૯/૧૨/૨૦૨૫